# ઈઝરાયલ અલી ખામેનીના સ્માર્ટફોન અને કેમેરાઓમાં ઘૂસી ગયું હતું!

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું તેના ચાર દિવસ અગાઉથી ઈરાનના સંદેશા વ્યવહાર માળખા પર અભૂતપૂર્વ સાયબર અટેક અમેરિકાએ શરૂ કરી દીધો હતો. હુમલાના પ્રારંભમાં જ ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનીનું ઈન્તેકાલ થયું હતું. પરંતુ તે અગાઉના ચારેક દિવસથી ઈરાનના સંદેશા વ્યવહાર માળખા પર અસાધારણ સાયબર હૂમલાઓ શરૂ ગયા હતા. આ ડિજિટલ હૂમલાઓ ત્યારબાદ સતત ચાલતા રહ્યા અને યુદ્ધના ચાર દિવસ બાદ પણ ચાલુ હતા.

જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેન કેઈને ગયા સોમવારે એ કબૂલ કર્યું હતું કે અમેરિકાએ ઈરાન પર શરૂ કરેલા ઓપરેશન ‘એપિક ફ્યુરી’ અર્થાત મહાપ્રલયમાં યુએસ સાયબર કમાન્ડે સૌથી આગળ રહીને ભૂમિકા ભજવી હતી. એમણે કહ્યું કે સંયોજનપૂર્વક સાયબર એટેક અને હવાઈ હુમલાઓના પરિણામે ઈરાનનું કોમ્યુનિકેશન્સ નેટવર્ક તેમજ સેન્સર નેટવર્ક લગભગ ઠપ થઈ ગયું હતું. પરિણામે ઈરાન યોગ્ય વળતો જવાબ આપી શક્યું નથી. ડિજિટલ સંદેશાના અભાવે તેના ડ્રોન તેમજ મિસાઈલો વગેરે ખાસ કામનાં રહ્યાં ન હતાં.

ઈરાન પાસે અખૂટ માત્રામાં શસ્ત્રો હતાં અને હજી પણ હશે. પરંતુ જો સાયબર કોર્ડીનેશન પૂરતું ન હોય તો એ શસ્ત્રો દિશાવિહિન બની જાય છે. કશા કામનાં રહેતાં નથી. ઈરાનની એક મિસાઈલ દૂરના એક નિર્જન પ્રદેશમાં જઈને ખાબકી અને ફૂટી પણ નહીં. તેનો અર્થ એવો નથી કે યુદ્ધમાં દરેક શસ્ત્રો અચૂક કામ લાગે. આજ સુધીના સાયબર એટેક્સના ઈતિહાસમાં ક્યારેય સરકારો દ્વારા તે યોજવામાં આવ્યા નથી, તેનો ક્યારેય શસ્ત્ર તરીકે દુનિયાની સરકારોએ ઉપયોગ કર્યો નથી. આ પ્રથમ વખત થયો છે અથવા પ્રથમ વખત તેના ઉપયોગનો કોઈ સરકાર દ્વારા એકરાર થયો છે. તે અર્થમાં આ એક યુદ્ધનું નવું અને વિરલ પાસું ગણી શકાય. જો કે રશિયા દ્વારા યુક્રેનમાં આ પ્રકારના હૂમલાઓ અગાઉ થયા છે, પણ રશિયન સરકારે તેની કબૂલાત ક્યારેય કરી ન હતી. વાસ્તવમાં યુક્રેનનું સંદેશા વ્યવહાર માળખું રશિયાએ સીધા શસ્ત્ર હુમલાઓ તેમજ સાયબર એટેકના હુમલા કરીને ખોરવી નાખ્યું હતું અને ફલતઃ ઈલોન મસ્કની ઉપગ્રહો આધારિત સ્ટારલિન્ક સેવાઓ તાબડતોબ યુક્રેનમાં ચાલુ કરવી પડી હતી.

સાયબર હુમલાઓ માટેનો ફ્રન્ટ માત્ર અમેરિકા એ જ ખોલી રાખ્યો નથી. ઈઝરાયલનું સાયબર યુનિટ પોતે જ એક નોંધપાત્ર અને અવગણી ન શકાય તેવું યુનિટ છે. ઈરાન પરના હૂમલાઓમાં તે પણ બરાબર સહભાગી હતું. ઈઝરાયલના યુનિટે ખામેનીના કમ્પાઉન્ડ અને તેની આસપાસના વિસ્તારોનો સંદેશા વ્યવહાર સાયબર એટેક દ્વારા ખોરવી નાખ્યો હતો.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

આ ઉપરાંત તેહરાન શહેરના માર્ગો અને ગલીઓ પર ગોઠવેલા સીસીટીવી કેમેરામાંની પ્રવૃત્તિઓનો વરસો સુધી સતત અભ્યાસ કર્યા બાદ તે ક્ષણે ખામેની ક્યાં છે તેની વિગતોની ઈઝરાયલ પુષ્ટિ મેળવી શક્યો હતો. એ પ્રદેશનો, કમ્પાઉન્ડ અને તેની આસપાસનો સંદેશા વ્યવહાર પાંગળો બનાવી દીધા બાદ ઈઝરાયલ અને અમેરિકા ત્રાટકયા હતા. સ્થલ




પર હાજર મોસાદના જાસૂસોએ ખામેનીની હાજરી કન્ફર્મ કરી હતી. જાણવા મળ્યું છે તે મુજબ ખામેનીના કમ્પાઉન્ડની આસપાસના લગભગ ડઝનેક સેલ્યુલર એન્ટેનાઓ પર ઈઝરાયલના દળોએ હેક કરીને કાબૂ જમાવ્યો હતો.

આ રીતે એ એન્ટિનામાંથી વાયા થઈને આવતી જતી વાતો તેમ જ ઈન્ટરનેટ સંદેશાઓ ઈઝરાયલી દળોને રીયલ-ટાઈમમાં મળતા હતા. કોણ ક્યાં છે? કોની સાથે શી શી વાતો કરે છે એ બધી વિગતો ઈઝરાયલીઓ અને અમેરિકાનો પોતાના દેશમાં બેસીને જોઈ-સાંભળી રહ્યા હતા. ઈઝરાયલ દરેક યુદ્ધ, દરેક ઓપરેશન્સમાં વિજ્ઞાન આધારિત કોઈક નવી તરકીબ લઈને હાજર થાય છે. તેનો વધુ એક પુરાવો  છે. આ વાતચીતો સાંભળીને ઈઝરાયલ ઈરાનની ભવિષ્યની યોજનાઓ, ઈરાનની ક્ષમતાઓ તેના મહત્તવના ઠેકાણા વગેરેની અત્યંત ખાતરીદાયક વિગતો હોર્સીસ માઉથ મેળવી શકે અને પ્રવૃત્તિમાં તહેરાનના ટ્રાફિક કેમેરાઓના નેટવર્કને હેક કરવામાં કહો કે એની ડિજિટલ વ્યવસ્થામાં ઘૂસવામાં યહૂદીઓ સફળ રહ્યા હતા. અને એ રીતે ખામેનીની અવર જવરની તમામ વિગતો લાઈવ, તત્ક્ષણ મળતી હતી. ત્યાં સુધી કે કમ્પાઉન્ડ પર બોમ્બ ફેંકવામાં આવ્યા ત્યારે ખામેની કઈ જગ્યાએ હતા તેની પણ ઈઝરાયલીઓ અને અમેરિકનોને જાણ હતી. દિવાલોને પણ કાન હોય છે તે જૂની કહેવત આજે સાંપ્રત છે.    ઈઝરાયલની જાસૂસી સંસ્થા મોસાદ તેની  જાસૂસી પ્રવૃત્તિઓ અને અશક્ય જણાય તેવા ઓપરેશન્સને શક્ય બનાવવા માટે જગતભરમાં સુવિખ્યાત છે. પરંતુ મોસાદથી પણ વધુ ચતુર, હોશિયાર અને લીજન્ડરી જાસૂસૂ સંસ્થા ઈઝરાયલ પાસે છે. જે યુનિટ 8200 તરીકે ઓળખાય છે.

શનિવારે હૂમલા થયા તેમાં ઈરાનનું ઈન્ટરનેટ માળખું તૂટી પડ્યું. ઈન્ટરનેટ સેવાઓ માત્ર એક ટકો જ બચી

**ઇરાન પાસે અખૂટ માત્રામાં શસ્ત્રો હતાં અને હજી પણ હશે. પરંતુ જો સાયબર કોર્ડીનેશન પૂરતું ન હોય તો એ શસ્ત્રો દિશાવિહિન બની જાય છે. કશા કામનાં રહેતાં નથી. ઇરાનની એક મિસાઈલ દૂરના એક નિર્જન પ્રદેશમાં જઇને ખાબકી અને ફૂટી પણ નહીં. તેનો અર્થ એવો નથી કે યુદ્ધમાં દરેક શસ્ત્રો અચૂક કામ લાગે.**

ઈઝરાયલે મેળવી છે.  આસપાસના તમામ સેલ્યુલર એન્ટિનાઓ પર ઈઝરાયલીઓએ અંકુશ જમાવી દીધો હતો. તે યહૂદીઓના કંન્ટ્રોલમાં હતા તેથી હૂમલાના સમયે તમામ ફોનલાઈન્સ બીજી બતાવતી હતી. સવારનો સમય હતો તેથી કોઈને શંકા પણ ન ગઈ. લંડનના એક મહત્ત્વના અખબારમાં પ્રગત થયેલી વિગતો મુજબ અમેરિકા તેમજ ઈઝરાયલી અધિકારીઓનો દાવ છે કે સાયબર કેપેબિલિટીઓનો ઉપયોગ કરીને સુપ્રીમ લીડર આયા તુલ્લાહ અલી ખામેની વિષેની ગુપ્ત વિગતો એકઠી કરવા માટે ઈઝરાયલનો સાયબર વિભાગ વરસોથી એ પ્રવૃત્તિમાં પડ્યો હતો અને એ હતી અથવા ચાલુ રહી હતી, હજી પણ એ લેવલ પર જ છે. નવ કરોડ લોકો ઈન્ટરનેટ અને ફોન સેવાથી વંચિત છે. તેઓ ઈચ્છતા નથી કે લોકો વાતચીતો કરે, સરકારના વિરુદ્ધમાં એકઠા થાય. બીજી તરફ ઈરાન સરકારની કેટલીક સત્તાવાર ન્યૂઝ સાઈટો અને ટીવી ચેનલો હેક થઈ ગઈ છે. ખામેનીની પોલીસ રિવોલ્યુશનની ગાર્ડસની મિડિયા સાઈટ હેક થઈ ગઈ છે. પરંતુ આ વખતે ઈઝરાયલીઓ સજાગ રહ્યા છે. પોતાના દરેક ડિજિટલ એકમોને સાયબર અટેકથી પ્રૂફ રાખ્યા છે. આ વખતે બનાવટી એપ્સ મોકલી તેને ડાઉનલોડ કરવાની ઈઝરાયલ સરકારની જુઠ્ઠી અપીલ જોડવામાં આવી હતી. એ પ્રકારના 150 હૂમલા અથવા ઘટનાઓ નોંધાઈ છે, જેને નિષ્ફળ બનાવવામાં આવી છે. •

# સ્ટેનફોર્ડની ચાલમાં અંતે એવલિન ફસાઈ જ ગઈ પણ..

એમોટો, ગખાબાજ, નિખાલસ અનેક પ્રતિભાનો પ્રેમાળ સ્વામી, ખૂંખાર, શિકારી અને... અર્ધ-માનવ. આ બધા વિશેષણ અમેરિકાના નામાંકિત પણ બદનામ આર્કિટેક્ટ સ્ટેનફોર્ડ વ્હાઈટ માટે બાયોગ્રાફર બ્રેન્ડનગીલે વાપર્યા હતા. કલાકાર તરીકે બેનમૂન પણ યુવતીઓ માટેની ભૂખ ક્યારેય ન સંતોષાઈ એવી અને તોફાની જાતિય વૃત્તિનો શોખીન (કે બંધાણી?)

અન્ય સૌની વાત જવા દઈએ તો ખુદ સ્ટેનફોર્ડની પૌત્રી સુઝાન જીવનકથા આર્કિટેક્ટ ઓફ ડિઝાયરમાં પ્રતિભાસંપન્ન વડવા માટે ‘ઓલ ઓનર ધ પોસ સેક્સ્યુઅલ-હિવાંઝ આઉટ ઓફ કન્ટ્રોલ.’

અતિનો અંત ક્યારેય સારો આવ્યો છે ખરો? સ્ટેનફોર્ડમાં સ્વાભાવિકપણે એવલિન નેસબિટની આશા દેખાઈ, શમણા સાકાર કરવાની તક દેખાઈ પણ સ્ટેનફોર્ડને કંઈક ભળતુ જ દેખાતું હતું.

એવલિન નેસબિલને પોતાની લંચ પાર્ટીમાં બોલાવવા માટે 46 વર્ષના સ્ટેનફોર્ડે અન્ય એક કોરસ ગર્લ સમક્ષ, કાલાવાલા કર્યા હતા. આ આમંત્રણો સોસાયટી લંચ-



સમાજિક ભોજન- સમારંભ- સમજીને એવલિન માત્ર ચાર જણા માટે ન્યૂયોર્કના પોશ એરિયામાં આવેલા વેસ્ટ ટ્વેન્ટી ફોર્થ સ્ટ્રીટ એપાર્ટમેન્ટમાં પહોંચી. ત્યાં જતી વખતે એના મનમાં હતું કે સ્ટેનફોર્ડ કંટાળાજનક વૃદ્ધ હશે. પરંતુ મળતાવૈત સ્ટેનફોર્ડ કમાલ કરવા માંડ્યો, તે એવલિનને એ આકર્ષક લાગ્યો. આ તો હજી સ્ટેનફોર્ડના ખેલની શરૂઆત હતી. લંચ બાદ તે એવલિન અને તેની ફ્રેન્ડની ઉપરના માળે આવેલા પોતાના વિશાળ-ભવ્ય ઘરમાં લઈ ગયો. અહીં લાલ મખમલ લગાવેલો ઝુલો હતો. સ્ટેનફોર્ડ આગ્રહ કરીને એવલિનને ઝુલા પર બેસાડી દીધી, પણ જો જોશભેર હિંચકો નાખવા માંડ્યો, ઝુલાને મરાતા ધક્કાનો જોશ વધતુ ગયુ, એ ખડખડાટ હસવા માંડ્યો અને ખુશીથી તાળીઓ પાડવા માંડ્યો. એવલિન ઉપર-નીચે થવાનો રોમાંચ માણતી હતી, પણ આ ઝુલો પોતાને કંઈ દિશામાં લઈ જઈ રહ્યો છે એનાથી એ સંપૂર્ણપણે અજાણ હતી.

બહુ જલ્દી સ્ટેનફોર્ડ એવલિનની ચિંતા કરનારી અને એની સામે રહેનારી મમ્મી મિસિસ નેસબિટનો વિશ્વાસ જીતી લીધો. મમ્મીજીને સ્ટેફોર્ડ ખૂબ ઉમદા અને એવલિનને દિકરી તરીકે નિહાળવા લાગ્યો. એમની આ લાગણીને ચતુર સ્ટેનફોર્ડ ઉદારતાથી વધુ બળવતર બનાવી. ટૂંક સમયમાં એવલિન એની મમ્મી અને સ્ટેનફોર્ડ ખાસ-ગાઢ મિત્ર બની ગયા.

આખા બે મહિના પછી મિસિસ નેસબિટને પિટ્સબર્ગ જવાનું થયું. સ્ટેનફોર્ડ એમની ટિકિટ કઢાવી આપી અને બાકીની બધી વ્યવસ્થા પણ કરી આપી. વગર કીધે-માંગ્યે-જતી છૂટા પડતી મમ્મીએ દિકરી એવલિનને શિખામણ આપી કે મારી ગેરહાજરીમાં તારે મિસ્ટર સ્ટેનફોર્ડ કોઈને મળવાનું કે હળવા-ભળવાનું નથી, સમજી?

હવે સ્ટેનફોર્ડ વ્હાઈટ જે કુકર્મ કરવાનું પ્લાનિંગ કરી રહ્યો હતો એને અંજામ આપનારી તક ઝડપના ઉતાવળો થયો. મમ્મીના ગયાના થોડા સમયમાં જ એ દિવસ આવી ગયો. પહોંચ્યો. સ્ટેનફોર્ડની પાર્ટીમાં એવલિન પહોંચી તો આંચકો લાગ્યો. ત્યાં અન્ય કોઈ નહોતું. સ્ટેનફોર્ડે બહાનું કાઢ્યું કે એક પછી એક બધા મહેમાનોએ આવી ન શકવા પોતપોતાના કારણોસર માટે દિલગીરી વ્યક્ત કરી. પરંતુ સ્ટેનફોર્ડ આગ્રહ કર્યો કે આપણે તો પાર્ટી કરીએ જ.

**અતિનો અંત ક્યારેય સારો આવ્યો છે ખરો? સ્ટેનફોર્ડમાં સ્વાભાવિકપણે એવલિન નેસબિટની આશા દેખાઈ, શમણા સાકાર કરવાની તક દેખાઈ પણ સ્ટેનફોર્ડને કંઈક ભળતુ જ દેખાતું હતું**

શેમ્પેઈન પાણીની જેમ વહેવા માંડ્યો. વાતચીત, હસવા, ખાવા અને વધુ પીવા વચ્ચે એવલિન હોશ ગુમાવી બેઠી. એની આંખ ખુલી ત્યારે શલદાર ડેબલબેડ પર એ નગ્નાવસ્થામાં પડી હતી. કમરના દુઃખાવો, બાજુમાં લોહીના છાંટા, એ રડવા માંડી. સ્ટોનફોર્ડ એને કિમિનો ગાઉન આપતા કહ્યું કે ‘‘બેબી રડવાનું છોડ, બધુ પતી ગયું, હવે તું મારી છો.

એવલિન શું બોલે? શું કરે? આ અનુભવ અને વિચિત્ર લાગણીમાંથી બહાર આવવામાં એને લાંબો સમય લાગ્યો. પરંતુ અંતે એ ‘પરોપકારી રાક્ષસ’ (એવલિનના જ શબ્દો) ભણી પાછી વળી. એ પછીના છ મહિના બંને લગભગ રોજ મળતાં રહ્યા.

અને 1901ના ડિસેમ્બરમાં પોતાના જન્મદિને સ્ટેનફોર્ડ એવલિનને હાર, હિરાવાળી વીંટી અને ફરનો કોટ ભેંટમાં આપ્યા. પછી બંને મસ્તી-મજામાં ખોવાતા રહ્યા.

પરંતુ આવા સંબંધનું ભવિષ્ય કેવું અને કેટલું? 1902ના વરસે દસ્તક દીધી અને ગ્રીષ્મઋતુના આગમન સાથે જ એવલિન નેસબિટના જીવનમાં આવ્યો જોહન બેરીમોર. આ 21 વર્ષનો યુવાન અખબારનો સ્કેચ આર્ટિસ્ટ હતો. જે ભવિષ્યમાં અભિનેતા તરીકે રંગમંચ ગજાનવાનો હતો. બંનેને પહેલી મુલાકાત સ્ટેનફોર્ડની પાર્ટીમાં થઈ. આ ઓળખાણ બાદ બે અઠવાડિયાની ફિશિંગ ટ્રીપ માટે કેનેડા રવાના થયા. જોતજોતામાં એવલિન અને

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

જોહનની જોડી  પર ગોસિપબાજોની ચર્ચામાં મહત્તમ સમય ખર્ચાવા માંડ્યો.

આ સંબંધની જાણ થતા વેંત મિસિલ નેસબિટ એકદમ ગભરાઈ ગયા. તેમણે મદદ માગી, બીજી કોઈની નહિ પણ સ્ટેનફોર્ડ વ્હાઈટની. એક તરફ મમ્મીએ ન કહેવાનું કીધુ અને બીજી બાજુ સ્ટેનફોર્ડ સંભળાવતો રહ્યો. આ બંને વચ્ચે સેન્ડવિચ બની ગયેલી એવલિને મમ્મી-સ્ટેનફોર્ડનો પ્લાન અપનાવવો પડ્યો. એ પ્લાન હતો ન્યૂજર્સીની બોર્ડિંગ સ્કૂલમાં ભરતી થઈ જવાનો.

સ્ટેનફોર્ડ મૂછમાં લુચ્ચુ હસ્યો કે એવલિનને પોતે જોહનની પકડમાંથી છોડાવી. હકીકતમાં અજાણતા જ તેણે એવલિનને એના ભાઈએ પતિ અને પોતાના હત્યારા હેન્રી કે થો ભણી ધકેલી હતી. (ક્રમશઃ)

## ચૂંટણી મુલતવી રાખવા રાષ્ટ્રપતિ શાસનની ભલામણ

પશ્ચિમ બંગાળમાં રાજકીય વર્તુળોમાં ઘણી અટકળો ચાલી રહી છે કે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરીને એપ્રિલમાં થનારી વિધાનસભાની ચૂંટણીને મુલતવી રાખવામાં આવે. આ અટકળો એટલા માટે થઈ રહી છે કારણ કે ચૂંટણી પંચની મતદાર યાદીની ખાસ તપાસ (SIR) હજુ પૂરી થઈ




નથી. આ કામમાં એટલો વિવાદ થયો છે કે સુપ્રીમ કોર્ટે નિમેલા ખાસ જજોએ જણાવ્યું છે કે ચૂંટણી પહેલાં આ કામ સમયસર પૂરું કરવું અશક્ય છે. પશ્ચિમ બંગાળની વિધાનસભાનો કાર્યકાળ ૭ મેને અંત આવે છે, તેથી ચૂંટણીની તારીખો માર્ચના ત્રીજા અઠવાડિયામાં જાહેર કરવી જરૂરી છે. કારણ કે નામાંકન ભરવા અને પ્રચાર માટે ૪૫ દિવસનો સમય ફરજિયાત છે. પણ હવે લગભગ ૨ કરોડ નામો પર વિવાદ છે - કેટલાંક નામો કાઢી નાખ્યા છે કે કેટલાંકને શંકાસ્પદ માનવામાં આવ્યા છે કારણ કે તેમની સ્થિતિ સ્પષ્ટ નથી. ચૂંટણી પંચ પાસે પોતે ૧.૨ કરોડ નામોની યાદી વિવાદમાં છે. ઉપરાંત BJPએ બીજા ૬૦ નામો પર પ્રશ્ન ઉઠાવ્યા છે. હવે તારીખો જાહેર કરવાના માત્ર બે અઠવાડિયા બાકી છે, તો આ બધા વિવાદો સમયસર ઉકેલાય તેવું લાગતું નથી. રસપ્રદ વાત એ છે કે BJP અને CPI(M) બંનેએ માંગ કરી છે કે SIR પૂરી થઈ જાય અને વિવાદો ઉકેલાય ત્યાં સુધી ચૂંટણી મુલતવી રાખવામાં આવે. ચૂંટણી મુલતવી રાખવાનો એકમાત્ર રસ્તો એ છે કે રાજ્યપાલ રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરે. આ વાત મહત્વની છે કે મોદી સરકારે ચૂંટણી પહેલાં જ પૂર્વ IB અધિકારી આર. એન. રવિને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે મોકલ્યા છે. રવિએ તમિલનાડુના રાજ્યપાલ તરીકે DMK સરકાર સામે ઘણા મુદ્દાઓ પર સવાલ કર્યા હતા અને BJPના હિંદુત્વના એજન્ડાને આગળ વધાર્યો હતો. શું મોદી સરકાર રવિને આ ઉનાળામાં પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીને રોકવા માટે વાપરશે? રાજ્યના રાજકીય વર્તુળોમાં તો આવું માનવામાં આવી રહ્યું છે!

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## આકાઓને ખુશ કરવા જતાં નિશિકાંત ફસાયા

BJP પોતાના નેતાઓને સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ પોસ્ટ કરવા બદલ ઠપકો આપે એ વાત અસામાન્ય છે. પણ લાગે છે કે BJPના સાંસદ નિશિકાંત દુબેની પોસ્ટ, જેમાં તેમણે દુબઈમાં



ફસાયેલા ભારતીયોની મજાક ઉડાવી હતી, તેને જોઇને હાઈ કમાન્ડને ગુસ્સો આવ્યો છે. કારણ કે મોદી સરકારની યુનાઇટેડ અરબ એમિરેટ્સ (UAE)ના નેતૃત્વ સાથે ખૂબ નજીકની મિત્રતા છે. નિશિકાંત દુબેની પોસ્ટમાં લખ્યું હતું: ‘જેઓ ભારતીય પાસપોર્ટ છોડીને દુબઈ જાય છે તેમના માટે એક સબક. મોદીજી અહીં છે તો અમે સુરક્ષિત છીએ.’ તેઓ વિચારતા હતા કે આમ કહીને તેઓ પોતાના આકાઓને ખુશ કરી રહ્યા છે, કે મોદી સરકાર ભારતને સ્થિરતા અને સતતતા આપી રહી છે. પણ તેમણે મોદી સરકારની વિદેશનીતિને ખોટી રીતે સમજી. સરકારે UAEના શેખો સાથે સંબંધ મજબૂત કરવામાં ઘણું રોકાણ કર્યું છે. દુબેએ ચિહ્નો વાંચવા જોઈતા હતા. આ વર્ષે જાન્યુઆરીમાં UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ આલ નહયાન માત્ર એક દિવસ માટે અચાનક મોદીજીને મળવા આવ્યા હતા. આ મુલાકાતનું મહત્વ એટલું હતું કે મોદીજીએ પહેલી વાર એરપોર્ટ પર જઈને તેમનું સ્વાગત કર્યું હતું. પણ નિશિકાંત દુબેને ભૂ-રાજકીય અને રાજનૈતિક સંકેતો સમજાતા નથી. તેમણે પોસ્ટ કરીને નેતાઓ પાસેથી પોઇન્ટ કમાવવાની આશા હતી. પરંતુ તેના બદલે તેમને ‘સસ્તી કમેન્ટ’ કરવા બદલ ઠપકો મળ્યો. ખાસ કરીને જ્યારે UAE પર હુમલો થઈ રહ્યો છે ત્યારે આ ઠપકો BJPના વિદેશ મંત્રાલયના વિજય ચૌથાઈવાલે આપ્યો. તેમણે નામ ન લીધું, પણ સોશિયલ મીડિયા પર બધાને સમજાઈ ગયું કે તેઓ કોની વાત કરી રહ્યા છે.-

## અમેરિકાનું ભાવિ ખતરામાં : ચીની પ્રોફેસરની ભવિષ્યવાણી

એક પ્રખ્યાત ચીની શિક્ષક પ્રોફેસર જિઆંગ શુએકિન (જેને ચીનના નોસ્ટ્રાડામસ તરીકે ઓળખવામાં આવે છે) એ આગાહી કરી છે કે અમેરિકા-ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ અમેરિકા માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થશે. તેમની આ આગાહી સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં તેમણે બે આગાહીઓ કરી હતી અને બંને સાચી પડી ગઈ છે. પહેલી આગાહી: ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી અમેરિકાના રાષ્ટ્રપતિ બનશે. બીજી આગાહી: અમેરિકા ઇઝરાયેલની તરફથી ઈરાન સામે યુદ્ધ કરશે. હવે જોવાનું રહ્યું કે તેમની ત્રીજી આગાહી - અમેરિકાનું ભાવિ જોખમમાં - સાચી પડે છે કે નહીં.




